V. & C. Patel English School

Half Yearly Exam

| | | |
|---|---|---|
| તારીખ : ૧૮-૯-૨૦૧૭ | ધોરણ : ૮ | ગુણ : ૮૦ |
| સમય : ૩ કલાક | વિષય : ગુજરાતી | |

સૂચના:

૧) જમણી બાજુના આંકડા ગુણ દર્શાવે છે.

૨) બધાજ પ્રશ્નોના ઉત્તરો ફરજિયાત છે.

૩) જવાબ સ્પષ્ટ અને સુવાચ્ય અક્ષરે લખવા.

પ્ર. ૧. નીચે આપેલ ગદ્યખંડને આધારે પ્રશ્નોના સાચા ઉત્તરો શોધીને લખો. (૫)

અખબાર શબ્દ મૂળ અરબી ભાષાના ''ખબર'' શબ્દનું બહુવચન છે, જેનો અર્થ થાય છે. સમાચાર પત્ર, વર્તમાનપત્ર, છાપુ, ગુજરાતી ભાષામાં વપરાતો શબ્દ સમાચાર સંસ્કૃત શબ્દ 'સમ્+આચાર' પરથી બનેલો છે. જેનો અર્થ માહિતી વિવરણ, ખબર એવો થાય છે. અંગ્રેજીમાં સમાચાર માટે News(ન્યુઝ) શબ્દ પ્રચલિત છે. માણસને પોતાના ગામ-શહેર, દેશ, દુનિયાના સારા-નરસા પ્રસંગોની માહિતી સમાચાર પત્રો અને ન્યૂઝ દ્વારા મળી શકે છે. અખબારો કેટલાક સંસ્થાલક્ષી તેમજ સમાજના પ્રશ્નો વિનામૂલ્યે છાપી પોતાનો સમાજ ધર્મ અદા કરે છે. આ ઉપરાંત સરકારી-અર્ધસરકારી તેમજ વિવિધ સંસ્થાઓની માહિતીઓ વાચકોની જાણ માટે મોકલે છે. સંક્ષિપ્ત ''અખબારી નોંધ'' ને અંગ્રેજીમાં ''પ્રેસનોટ'' કહેમાં આવે છે.

પ્રશ્નો :-

૧. ''અખબાર'' નો શું અર્થ થાય છે?

૨. અંગ્રેજીમાં 'સમાચાર' માટે ક્યો શબ્દ પ્રચલિત છે?

૩. સમાચારપત્રો દ્વારા માણસ શું જાણે છે?

૪. સમાચારપત્રો પોતાનો સમાજ ધર્મ કઈ રીતે અદા કરે છે?

૫. ''અખબારી નોંધ'' ને અંગ્રેજીમાં શું કહે છે?

પ્ર. ૨. નીચે આપેલા વિષયમાંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો. (૭)

૧. અતિવૃષ્ટિ ૨. જો પરીક્ષાઓ ન હોય તો....

પ્ર. ૩. (અ) નીચે આપેલ પદ્યને આધારે પ્રશ્નોના સાચા ઉત્તરો શોધીને લખો. (૫)

ઓ હિંદ! દેવ ભૂમિ! સંતાન સૌ તમારાં!
કરીએ મળીને વંદન! સ્વીકારજો અમારાં!
હિન્દુ અને મુસલમાનઃ વિશ્વાસી, પારસી, જિનઃ
દેવી! સમાન રીતે સંતાન સૌ તમારાં!
પોષોતમે સહુને, શુભ કાન પાન બક્ષીઃ
સેવા કરે તે બને સંતાન સૌ તમારાં!
રોગી અને નિરોગી, નિર્ધન અને તવંગર
જ્ઞાની અને નિરક્ષરઃ સંતાન સૌ તમારાં!

પ્રશ્નો :-

૧. આ કાવ્ય કોને સંબોધીને લખાયું છે?

૨. કવિ હિન્દને કોની ભૂમિ તરીકે ઓળખાવે છે?

૩. ભારતમાં કયા કયા ધર્મ પાળતી પ્રજા વસે છે?

૪. કવિ વંદન સ્વીકારવાનું કોને કહે છે?

૫ વિરોધી અર્થ આપો. (૧) નિર્ધન, (૨) રોગી



(P.T.O.)

(બ) ગુજરાત રાજ્યના પૂર પિડિતો માટે ફાળો ઉઘરાવીને તેમને મદદરૂપ થવા તમે જે પ્રયત્નો કર્યા તેનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો. (૬)

પ્ર.૪ (અ) નીચે આપેલ મુદ્દાઓને આધારે સુંદર વાર્તા લખો. (૬)

એક નદી - નદી પર સાંકડો પુલ - બે બકરીઓનું સામસામે આવવું - બંને સમજદાર - એકનું બેસવું - બીજી બકરીનું તેના પરથી પસાર થવું - એજ પુલ પરથી બે કૂતરાઓનું સામસામે આવવું - બંને ઝઘડાળું બંન્નેનું ઝઘડવું - નદીમાં પડવું - બોધ.

(બ) નીચે આપેલ કાવ્ય પંક્તિ પૂર્ણ કરો. (૩)

ઓતર-દખણથી......................

.............................. ઘૂઘરમાળ જો.

પ્ર. ૫. નીચે આપેલ પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (કોઈ પણ સાત) (૭)

૧. તણખો ક્યાં ન પડ્યો ?

૨. તડકા છાંયડા જોવા એટલે શું ?

૩. કવિને માતાની લહેરખી ક્યારે અનુભવાય છે?

૪. વિધાનસભા ગૃહ ક્યાં આવેલું છે ?

૫. 'ધૂળિયે મારગ' એટલે શું?

૬. જગડુશાએ વખારની અંદર લેખ શેની ઉપર લખાવ્યો હતો?

૭. વર્ષા આવી રહી છે, તે શાના આધારે કહી શકાય?

૮. દેવળિયા ગામમાં કયા તહેવારની ઉજવણી થઈ રહી હતી?

૯. વિશળ દેવ રાજ્યની પ્રજાને બચાવવા કોનો સહાલો લે છે?

પ્ર. ૬ (અ) નીચે આપેલ પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. (કોઈ પણ પાંચ) (૧૦)

૧. વેણુંનો બચાવ શક્ય ન લાગતાં જુમો શું કરે છે?

૨. વિધાનસભાગૃહમાં પ્રવેશવા પરવાનગી શા માટે જરૂરી છે?

૩. કવિ પાસે શું નથી ? એની તમના મન પર શી અસર છે?

૪. ગામડાની ધૂળેટીમાં ઘરૈયાઓને શેનાથી રંગવામાં આવે છે?

૫. ખેડૂતો અને બળદો શાનાથી શોભી રહ્યા છે?

૬. કુંવરનું મૃત્યું કેવી રીતે થયું ?

૭. રાજા વિશળદેવ પ્રજાવસ્તલ કહી શંકાય તેવા ત્રણ ગુણ દર્શાવો.

(બ) નીચે આપેલ પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (કોઈ પણ ત્રણ) (૬)

૧. ગાંધીનગરના માર્ગો શી વિશેષતા ધરાવે છે?

૨. કવિના મતે મનુષ્ય જીવન કેવું હોવું જોઈએ ?

૩. દરેક વખારના તાંબાના પતરામાં જગડુશાએ શું લખાવ્યું હતુ ?

૪. મંદોદર ખાને ગામ લોકોને શું કહીને શાંત પાડ્યા ?

૫. 'આજ આનંદ' કાવ્યને આધારે વર્ષાઋતુંનું વર્ણન તમારા શબ્દોમાં કરો.

પ્ર.૭ (અ) યોગ્ય જોડકાં જોડો. (૩)

| | | |
|---|---|---|
| ૧) ધૂળિયે મારગ | - | પ્રાર્થનાગીત |
| ૨) દીકરાનો મારનાર | - | લોકગીત |
| ૩) આજ આનંદ | - | લોકકથા |
| | - | ઉર્મિગીત |

(બ) યોગ્ય શબ્દમૂકી ખાલી જગ્યા પૂરો. (૨)

૧. જગડુશાની સરખામણી દાનવીર ......................સાથે કરી શકાય.

૨. ગાંધીજીએ ઝવેરચંદ મેઘાણીને................નું બિરુદ આપ્યું હતું.

(P.T.O.)

૩. ગાજરાતની સ્થાપના શરૂઆતના વર્ષોમાં રાજયનું પાટનગર.......................હતું.

૪. ગૌરીશંકર જોશીનું ઉપનામ .....................છે.

(ક) નીચે આપેલ વાક્યો કોણ બોલે છે. તે લખો. (૩)

૧. ''યા પરવરદિગાર!'

૨. ''ભૂખ્યાં ગળામાંથી પૂરો અવાજ પણ નીકળતો નથી''

૩. ''મને જીતવા ન દીધો ને તલવાર ને ઘોડી બેઉ લઈ ગયો''

પ્ર. ૮ (અ) નીચે આપેલ શબ્દોના અર્થ આપો. (૨)

રાંકડી, ડોરણું, દોઢિયું, લલાટ

(બ) નીચે આપેલ શબ્દોના વિરોધી અર્થ આપો. (૨)

૧. મૂરખ, જુવાન, ગામડું, લીલું

(ક) નીચે આપેલ શબ્દોની જોડણી સુધારો. (૨)

માલીકિ, દૃખ, પ્રતીતી, સાહિત્યરસીક

૯ (અ) નીચે આપેલ રૂઢિપ્રયોગના અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો. (૩)

૧. ચીંથરાં ફાડવાં

૨. સૌ સારાં વાનાં થવાં

૩. માઝા છાંડવી

(બ) નીચે આપેલ શબ્દ સમૂહ માટે એક શબ્દ લખો. (૨)

૧. આંગળી પરના સાંધા આગળની રેખા

૨. પાણી ભરવાનું ચામડાનું સાધન

(ક) નીચે આપેલ શબ્દોની સંધિ છૂટી પાડો. (૧)

વિદ્યાર્થી, દયાનંદ

(ડ) નીચે આપેલ શબ્દોની સંધિ જોડો. (૧)

સૂર્ય+ઉદય, યોગ+ઈશ

પ્ર.૧૦ (અ) અલંકાર એટલે શું ? ઉપમા અલંકારનું ઉદાહરણ આપો. (૨)

(બ) નીચે આપેલ પંક્તિઓનો અલંકાર ઓળખાવો. (૨)

૧. પીગળે પીગળે પડછાયાના પ્હાડ.

૨. અમારા એ દાદા વિપુલવડના ઝૂંડ સરખા.

Best of Luck